રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોના ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ બાબત.

ગુજરાત સરકાર,
નાણાવિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ– ખરચ/૧૦૨૦૧૭/૧૭૯૬/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૩૧/૦૧/૨૦૧૮

<u>સંદર્ભ</u>:–
(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧
(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૮/૦૧/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧

**પ્રસ્તાવનાઃ–**

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ–૩ અને વર્ગ–૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક–(૧) સામેના ઠરાવથી "વધારાની કામગીરી માટે મહેનતાણું" મળવા અંગેની જોગવાઈ થયેલ છે.

હાલમાં રાજય સરકારના નિયમિત કર્મચારીઓને સાતમા પગાર પંચની ભલામણો મુજબ પગાર ભથ્થાંના લાભો આપવામાં આવે છે, તેમજ ફીકસ પગારના વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓને સાતમા પગાર પંચના સંદર્ભમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી ફીકસ પગારના કર્મચારીઓના ફીકસ પગારમાં વધારો કરવામાં આવેલ હોઈ, આવા ફીકસ પગારના કર્મચારીઓને સોંપવામાં આવેલ સમાન જગ્યાનો વધારાનો હવાલો અથવા ઉપલી જગ્યાના વધારાના હવાલા અન્વયે મળવાપાત્ર મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) કયા ધોરણે મંજુર કરવું તે બાબત અંગેની વિસંગતતાઓ હોઈ, તેમાં જરૂરી સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**–: પરિપત્ર :–**

સાતમા પગાર પંચના અમલ બાદ પણ રાજય સરકારના નિયમિત કર્મચારીઓને ચાર્જ એલાઉન્સ છઠ્ઠા પગારપંચના પગાર મુજબ ચૂકવવામાં આવે છે, તે જોતાં, રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ–૩ અને વર્ગ–૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને પણ નાણા વિભાગના

(પાછળ)

સંદર્ભ ક્રમાંક-(૧) માં દર્શાવેલ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ફીકસ પગાર મુજબ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઈ મુજબ જ વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) ચૂકવવાનું રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. બી. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ❖ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- ➢ માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે ખાતાના વડાઓ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર / અમદાવાદ.
- ➢ સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત), સચિવાલય, ગાંધીનગર.
- ➢ સીસ્ટમ મેનેજરશ્રી, ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી. તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.
- ➢ સિલેકટ ફાઈલ ઝ.૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.